ક્રૂડ તેલ, નેચરલ ગેસમાં સુધારોઃ કોટન-ખાંડીના વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યા

સોનાના વાયદાના ભાવમાં રૂ.૧,૧૬૯ અને ચાંદીના ભાવમાં રૂ.૧,૬૬૫નું ગાબડું

મુંબઈ, તા.૨૦

દેશના કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૨થી ૧૮ મે સુધીના સપ્તાહ દરમિયાન ૬૪,૨૩,૭૪૦ સોદાઓમાં કુલ રૂ.૫,૦૫,૧૮૨.૨૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૦૯,૪૪૭.૬૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩૯૫૪૮૦.૮૭ કરોડનો હતો. સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮,૯૨,૫૧૮ સોદાઓમાં રૂ.૫૯,૩૯૧.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦,૭૯૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧,૪૯૮ અને નીચામાં રૂ.૫૯,૫૪૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૧૬૯ ઘટી રૂ.૫૯,૭૨૩ના ભાવે બંધ થયો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૫૪ ઘટી રૂ.૪૮,૧૧૧ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૧૩ ઘટી રૂ.૬,૦૦૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૧૨૮ ઘટી રૂ.૫૯,૭૫૮ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૩,૬૭૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૩,૭૬૩ અને નીચામાં રૂ.૭૧,૮૧૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૬૬૫ ઘટી રૂ.૭૨,૧૪૩ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૫૯ ઘટી રૂ.૭૨,૧૫૬ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૫૮ ઘટી રૂ.૭૨,૧૪૬ બંધ થયો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૯૫,૦૨૬ સોદાઓમાં રૂ.૧૦,૭૧૮.૮૮ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૨૯.૮૫ના ભાવે ખૂલી, રૂ.૧૦.૭૦ ઘટી રૂ.૭૧૮.૫૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૨.૯૦ વધી રૂ.૨૦૮.૮૫ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૭.૪૦ ઘટી રૂ.૨૨૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૮૦ વધી રૂ.૨૦૯.૦૫ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ ઘટી રૂ.૧૮૩.૬૫ જસત-મિની મે વાયદો રૂ.૭.૪૦ ઘટી રૂ.૨૨૩.૫૦ બંધ થયો હતો. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર ૧૦,૧૭,૫૪૪ સોદાઓમાં રૂ.૩૯,૨૬૦.૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૫,૮૩૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૦૩૭ અને નીચામાં રૂ.૫,૭૧૪ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૮૭ વધી રૂ.૫,૯૩૦ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૮૭ વધી રૂ.૫,૯૩૪ બંધ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૦ના ભાવે ખૂલી, રૂ.૩૩.૧૦ વધી રૂ.૨૧૨.૭૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૩૨.૯ વધી ૨૧૨.૭ બંધ થયો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે સપ્તાહ દરમિયાન રૂ.૭૬.૯૫ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૮૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧,૮૪૦ અને નીચામાં રૂ.૬૦,૯૪૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૭૬૦ ઘટી રૂ.૬૧,૧૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩ ઘટી રૂ.૯૫૨.૮૦ બોલાયો હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧૪,૭૭૯.૧૨ કરોડનાં ૨,૫૧,૫૪,૭૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૨૪,૪૮૧.૨૮ કરોડનાં ૧,૨૪,૨૯,૦૫,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧,૧૪૭.૩૬ કરોડનાં ૫૫,૪૧૮ ટન સીસુ અને સીસુ-મિની વાયદા [illegible] રૂ.૩૨૧.૨૯ કરો[illegible] ૧૭,૪૭૬ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬,૨૫૩.૫૫ કરોડનાં ૮૬,૫૫૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨,૯૯૬.૬૮ કરોડનાં ૧૩૧,૬૫૩ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૫૮.૮૩ કરોડનાં ૯,૬૦૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૮.૧૨ કરોડનાં ૧૮૯ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૪૪૭.૦૪૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૧૮.૨૬૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૭,૧૭૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૩,૭૮૩ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૨૯૦ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૪,૩૮૩ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૨,૪૩,૩૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૪૪,૫૬,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૮,૨૪૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૮૧.૧૬ ટનના સ્તરે રહ્યો હતો.

મેન્થા તેલ ટીલુઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૦૯,૪૪૮ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૩,૯૫,૪૮૦ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૨૫૪ કરોડનાં કામકાજ

ગ્રામીણ વિકાસ વિભાગના પૂર્વ સચિવનું ડેવલપમેન્ટ ઇસ્યુ પર પ્રવચન

વિકાસના તમામ ક્ષેત્રોમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રણી રાજ્ય તરીકે ઉભરી રહ્યું છે : અમરજીત સિન્હા

રાજપીપળા,તા.૨૦

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ચાલી રહેલી ચિંતન શિબિરના બીજા દિવસે કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ વિભાગના પૂર્વ સચિવ અમરજીત સિંહાએ ડેવલપમેન્ટ ઈસ્યુ વિષયક વિચારપ્રેરક પ્રવચન આપતા કહ્યું કે, વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે.વિકાસના તમામ ક્ષેત્રોમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રણી રાજ્ય તરીકે ઉભરી રહ્યું છે.અમૃત કાળમાં લોકોની અપેક્ષાઓ પણ વધી રહી છે ત્યારે, ગુજરાતે છેવાડાના માનવીના સમાવેશી વિકાસ માટે શિક્ષણ, આરોગ્ય, પીવાનું શુદ્ધ પાણી, વીજળી જેવી પાયાની અને માળખાગત સુવિધાઓ પૂરી પાડી સમગ્ર દેશમાં વિકાસના માપદંડોમાં અગ્રેસર છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતને વિકાસની નવી ઉંચાઈઓ ઉપર લઈ જવા માટે ચિંતન શિબિરના માધ્યમથી સામુહિક મંથનનો પ્રયાસ અનુકરણીય છે.અમરજીત સિંહાએ જણાવ્યું હતું કે ગુજરાત અનેક ક્ષેત્રેમાં અગ્રેસર છે, તેમ કહેતા તેમણે જણાવ્યું કે, માથાદીઠ આવક, ઉત્પાદન, દેશની કુલ નિકાસમાં ૨૨ ટકા હિસ્સો, ૪૩ ટકા શહેરીકરણ, નલ સે જલનું સુદ્રઢ અમલીકરણ, દેશના કુલમાંથી ૪૦ ટકા પોર્ટ કાર્ગો હેન્ડલિંગ સાથે ગ્રામીણ વસ્તીના ૩૪ લાખ લોકોને સહકારી પ્રવૃત્તિ સાથે જોડવામાં આવ્યા છે.આ સિદ્ધિ

નોંધનીય છે.ગુજરાતમાં કૃષિ ક્ષેત્રોનો પણ સાતત્યપૂર્ણ વિકાસ થઈ રહ્યો છે. છેલ્લા ૨૫ વર્ષમાં ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યું છે.જે ગરીબ નિર્મૂલન માટે ખૂબ જ અગત્યની બાબત છે.અમરજીત સિંહાએ જણાવ્યું હતું કે વિશ્વના જે દેશો વિકસિત છે, તેમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ જોઈએ તો માલૂમ પડશે કે ત્યાં સ્ત્રી શિક્ષણનો દર વધુ છે.ભારતમાં આપણે હજુ ઉચ્ચ શિક્ષણમાં જેન્ડર ગેપ પૂરવાની જરૂર છે. આ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અનેક પ્રોત્સાહક પગલાં લેવામાં આવ્યા છે.જેના ઉત્તમ પરિણામો મળી રહ્યા છે.

વિકાસના પાયામાં ગરીબી નિર્મૂલન છે, તે દિશામાં કામ કરી રહેલા કેટલાક રાજ્યોના સંદર્ભમાં તેના કેટલાક માપદંડોની માહિતી આપતા તેમણે ઉમેર્યું કે, મહિલાઓને ઉચ્ચ શિક્ષણ, ફર્ટીલિટિમાં ઘટાડો, આરોગ્યક્ષેત્રમાં સુધારો, મહિલાઓના સ્વસહાય જૂથોની રચના કરી તેને પગભર કરવા, કૌશલ્યવર્ધન થકી આજીવિકાના વિવિધ સ્ત્રોતોનું નિર્માણ અને સ્વસહાય જૂથોનું બેંક સાથે જોડાણ જેવી બાબતો અગત્યની હોવાનું તેમણે કહ્યું હતું.અમરજીત સિન્હાએ ૧૦ મુદ્દા આધારિત વિકાસની વિભાવના આપી હતી. જેમાં કોમ્યુનિટી એકશન પ્લાન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કુપોષણ નિવારણ, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય, બિહેવિયર ચેન્જ કોમ્યુનિકેશન, ખોરાક અને પોષણમાં વિવિધતા, ગ્રામ્ય કક્ષાએ જરૂરી દવાઓની ઉપલબ્ધી અને નવજાત બાળકોની કાળજી માટે ઘરગથ્થું ઉપાયો, બાળકોનું સંપૂર્ણ અને અસરકારક રસીકરણ જેવી બાબતોની વિભાવનાઓ ઉપર તેમણે વિસ્તૃત જાણકારી આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા માનવ વિકાસ અભિયાન હેઠળ સમગ્ર દેશમાં સરકારી શાળાઓ, આંગણવાડીઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું સુદ્રઢીકરણ કરવામાં આવી રહ્યું છે.

વડોદરા રિઝનમાં ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ પોલિસીની તકોનો સેમિનાર

દેશમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગ આગામી દિવસોમાં દશ લાખ રોજગારીનું સર્જન કરશેઃ વિદેહ ખરે

વડોદરા,તા.૨૦

વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ -વીસીસીઆઈ અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન -જીએસઈએમ તથા ઈન્ડિયા ઈલેક્ટ્રોનિક્સ સેમિકન્ડક્ટર એસોશિએશન -આઈઈએસએ દ્વારા વડોદરા રિઝનમાં ઈએસડીએમમાં ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ પોલિસી અને તકો વિષે જાગૃકતા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.જે પ્રસંગે બોલતા જીએસઈએમના એમડી આઈએએસ વિદેહ ખરેએ જણાવ્યું હતું કે વડોદરા રિઝનમાં સેમી કંડક્ટર ઉદ્યોગના વિકાસની વિપુલ તકો રહેલી છે. જેને માટે સરકાર તરફથી ડિઝાઈનથી લઈને અંતિમ ઉત્પાદન તૈયાર થાય ત્યાં સુધીની સહાય આપવામાં આવી રહી છે.આ ઉપરાંત આ ઉદ્યોગને વન વિન્ડો ફેસિલિટી આપવામાં આવે છે.જેનું સમગ્ર સંકલન જીએસઈએમ દ્વારા કરવામાં આવે છે.આ માટે ઉદ્યોગોને માટે અપર સિલિંગની કોઈ મર્યાદા રાખવામાં આવી નથી.એ એનું ઉજળું પાસું છે.સ્ટેમ્પ ડ્યુટીની રાહત ઉપરાંત વીજ બિલમાં સબસીડી પુરી પાડવામાં આવે છે.આગામી દિવસોમાં આ ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગોમાં ૧૦ લાખ રોજગારીની તકો ઉભી થનાર છે.એવો દ્રઢ વિશ્વાસ તેઓએ વ્યક્ત કર્યો હતો. આ ઉદ્યોગોને વિદેશથી માલ મંગાવવાને માટે લોજેસ્ટીકમાં ૨૫ %ટકા રાહત આપવામાં આવે છે.આ ઉદ્યોગને માટે ઉપયોગી નિષ્ણાતો તૈયાર કરવાને માટે ૮-૧૦ વિવિધ કોર્સ તૈયાર કરવામાં આવ્યા છે.તેઓએ ઉદ્યોગકારોને ધોલેરાના અકલ્પનિય વિકાસ અને તકોની માહિતી પુરી પાડી હતી. તેમજ ઉદ્યોગકારોને ૭૦% ટકા સુધીની સહાય પુરી પાડતી નવી સેમી કંડકટર પોલિસી ૨૦૨૨-૨૭નો વધુને વધુ લાભ લેવા જણાવ્યું હતું.આ કાર્યક્રમ મેટ્રિક્સના સહયોગથી યોજાયો હતો.

રાજપીપળામાં ૫૦૦૦ મહિલાઓએ ફિલ્મ "ધ કેરેલા સ્ટોરી" નિઃશુલ્ક જોઈ

રાજપીપળા,તા.૨૦

બોલીવુડની ફિલ્મ "ધ કેરેલા સ્ટોરી" ૧૫૦ કરોડ રૂપિયાની કમાણી કરવાની લગભગ નજીક છે.યુપી અને એમપીમાં સીએમ કેબિનેટ મંત્રીઓ સાથે આ ફિલ્મ જોઈ રહ્યા છે અને અન્યને પણ બતાવી રહ્યા છે.તો પશ્ચિમ બંગાળમા આ ફિલ્મ પર પ્રતિબંધ છે.તામિલનાડુના સિનેમાઘરો માંથી આ ફિલ્મ હટાવવાને લઈને વિવાદ ચાલી રહ્યો છે, સુપ્રિમ કોર્ટમાં પણ સુનાવણી ચાલી રહી છે.આ ફિલ્મ ઘણો ગંભીર મુદ્દો બની ગઈ છે.તો બીજી બાજુ નર્મદા જિલ્લા ભાજપ મહામંત્રી નિલ રાવ દ્વારા રાજપીપળામાં એક અઠવાડિયા સુધી "ધ કેરેલા સ્ટોરી" ફિલ્મ ૧૮ વર્ષથી ઉપરની ઉંમરની મહિલાઓ માટે નિઃશુલ્ક બતાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ એક અઠવાડિયા દરમિયાન રોજના ૪ શો મળીને ૫૦૦૦ જેટલી મહિલાઓએ આ ફિલ્મ નિઃશુલ્ક જોઈ હતી, આ ફિલ્મ જોનાર મહિલાઓએ ભાજપના નેતાના આ અભિયાનની સરાહના કરી હતી.

નેત્રંગમાં ૭૦ લાખના ખર્ચે જવાહર બજારથી-ગાંધીબજાર સુધી સીસી રસ્તાનું નિર્માણ થશે

ભરૂચ,તા.૨૦

નેત્રંગ તાલુકો અસ્તિત્વમાં આવ્યા બાદ કરોડો રૂપિયાના ખર્ચે તાલુકા સેવાસદન, સામુહિક આરોગ્ય કેન્દ્ર, તા.પંચાયત કચેરી, પોલીસ સ્ટેશન અને સરકારી કોલેજ સહિત સરકારી ઈમારતોનું નિર્માણ કરવામાં આવ્યા હતું. પરંતુ ભરૂચ જીલ્લાના મુખ્ય વેપારી મથક તરીકે ગણાતા નેત્રંગના બજારમાં ગેરકાયદેસર દબાણો અને જર્જરીત રસ્તાના કારણે વેપારીઓ અને ગામે-ગામથી ખરીદી અર્થે આવતા રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. ચોમાસાની સિઝનમાં ભારે ગંદકી અને ઠેર-ઠેર પાણી ભરાવાથી ગ્રામજનોની બદતર હાલત થઈ જતી હતી. ભરૂચ સાંસદ મનસુખ વસાવાએ પોતાની ગ્રાન્ટમાંથી રૂ.૫૦ લાખ અને નેત્રંગ ગ્રા.પંચાયતે રૂ.૨૦ લાખ ફાળવણી કરતા કુલ્લે રૂ.૭૦ લાખના ખર્ચે નેત્રંગ જવાહર બજારથી ગાંધીબજાર સુધી રસ્તાનું ખાતમુહૂર્ત સાંસદ મનસુખ વસાવાએ કર્યું હતું. જવાબદાર ગ્રા.પંચાયતના સત્તાધીશોએ જવાહર બજારથી ગાંધીબજાર સુધી બિલાડીની ટોપની જેમ ફાટી નિકળેલા ગેરકાયદેસર દબાણો હટાવાની બુલડોઝરથી કામગીરી શરૂ કરતાં ભારે ચહલપહલ મચી પામી હતી.

પશ્ચિમ રેલવે

વિવિધ બાંધકામના કામો

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, દ્રષ્ટો માળ, એન્જી. વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૪૦૦ ૦૦૮ નીચે આપેલ વિગતો મુજબ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છેઃ ટેન્ડર સૂચના નંબર અને તારીખઃ BCT/23-24/48 તા. ૧૯-૦૫-૨૦૨૩. કાર્ય અને સ્થાન : મુંબઈ સેન્ટ્રલ- (૧) જે.આર. હોસ્પિટલમાં ICU, MICU, ડાયાલિસિસ રૂમ, પેસેજ, કિચન પેન્ટ્રી, શૌચાલય, લિફ્ટ વિસ્તાર નળીઓ વગેરે સુધારણા અને નવીનીકરણ. (૨) જે.આર. હોસ્પિટલ ખાતે ગ્રાહક મૈત્રીપૂર્ણ સ્વાગત અને બિલ્ડિંગના રવેશનું નવીનીકરણ અને કૉલમ અને બીમને મજબૂત બનાવવું. આશરે. કામની કિંમત : રૂ. ૩,૪૮,૦૧,૬૪૨.૬૯. ઈએમડી : રૂ. ૩,૨૪,૦૦૦/-. રજૂઆત ની તારીખ અને સમયઃ ૧૩-૦૬-૨૦૨૩ ના રોજ ૧૫:૦૦ કલાક સુધી. ખોલવાનો તારીખ અને સમય ૧૩-૦૬-૨૦૨૩ ના રોજ ૧૫:૩૦ કલાકે. કામની વિગતવાર પ્રકૃતિ, જેમાં ટેન્ડર દસ્તાવેજની કિંમત (બિન રિફંડપાત્ર), ઈએમડી, પાત્રતા માપદંડો, કામની સમાન પ્રકૃતિ, વિગતવાર ટેન્ડર શરતો, કૃપા કરીને www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઑફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0214

અમને લાઈક કરો : facebook.com/WesternRly

જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ,વાસ્મો-નર્મદા

ઓનલાઈન જાહેર નિવિદા નં:-૦૬ સને ૨૦૨૩-૨૪

ટેંડર આઇ.ડી.નં.(૫૯૩૮૮૯,૫૯૩૮૯૯,૫૯૩૯૦૬,૫૯૩૯૧૭,૫૯૩૯૨૪)

ગુજરાત રાજયના માન્ય વિભાગમાં યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન થયેલ માન્ય ઇજારદારો પાસેથી નર્મદા જીલ્લાના ૦૫ ગામોની પીવાના પાણીની યોજનાકીય કામગીરી માટે કુલ અંદાજીત રકમ રૂ.૧૭.૪૪ લાખ સુધીના ઉપરોકત આઇ.ડી નંબરની વિગતે સંબધિત ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ વતી યુનિટ મેનેજર, જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ,વાસ્મો નર્મદા,ફોન.નં ૦૨૬૪૦-૨૨૧૦૬૦ દ્વારા ઇ-ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવે છે.ટેંડર ફી/બાનાની રકમ તેમજ કામોની વિગતવાર માહીતી તથા અન્ય વિગતો વેબસાઇટ www.nprocure.com ઉપર જોઇ શકાશે. ટેન્ડર ઓન લાઇન ભરવાની છેલ્લી તા:૦૨/૦૬/૨૦૨૩,૧૮.૦૦ કલાક સુધીની રહેશે. અને જરૂરી દસ્તાવેજો અસલમાં તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ ૧૮.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/ રૂબરૂમાં સાદર કરવાના રહેશે. હવે પછી ટેન્ડરમાં કોઈપણ સુધારો ઓનલાઈન પ્રસિધ્ધ કર્વામાં આવશે. કરારખત,વર્ક ઓર્ડર તેમજ કામના બીલના ચુકવણાની કાર્યવાહી સંબંધિત ગામની ગ્રામ્ય પાણી અને સ્વચ્છતા સમિતિ ધ્વારા કરવામાં આવશે. કોઈપણ કારણ આપ્યા સિવાય સબંધિત પાણી સમિતિ ટેન્ડર રદ કરી શકશે.

ટોલ ફ્રી નંબર- ૧૯૧૬ ઉપર પીવાના પાણી સંબધીત ફરીયાદ નોંધી શકાય છે.

(માહિતી/નર્મદા/૭૯/૨૦૨૩-૨૪)

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

જાહેર સૂચના

વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારનાં તમામ નાગરિકોને જણાવવાનું કે ઉનાળાની ઋતુમાં પાણીનો વપરાશ વધતો હોવાથી દરેક નાગરિકને જરૂરી પાણી મળે તે માટે નીચેના સુચનાઓનો અમલ કરવા દરેક નાગરિકને નમ્રં વિનંતી છે.

(૧) પાણીનો જરુરિયાત મુજબ કરકસરયુકત ઉપયોગ કરવો.
(૨) પાણી મેળવવા નળનો ઉપયોગ ફરજીયાત કરવો.
(૩) નળ તથા પાઇપલાઇન લીકિજ હોયતો તાત્કાલિક ધોરણે રીપેર કરાવવા ખાસ કાળજી રાખવી.
(૪) પાણીની લાઇનમાં લીકિજ જણાયતો તાત્કાલિક નજીકની વોર્ડ કચેરીએ/ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૦૨૬૫ પર જાણ કરવી.
(૫) બ્રશ કરતી વખતે તેમજ કપડાં/વાસણ ધોવાની કામગીરી વખતે નળ ચાલુ ન રાખીએ તથા બિનજરૂરી પાણીનો વ્યય અટકાવીએ.
(૬) નળનાં પાણીનો જરૂરી સંગ્રહ કર્યા બાદ જ તેનો ઉપયોગ કરવો.
(૭) ગાડી/બાઇક ધોવા કે ગાર્ડનીંગ માટે કોર્પોરેશનના પાણીનો ઉપયોગ ન કરવો.
(૮) પાણીનો શકય હોય એટલો રીયુઝ કરવો, નળ દ્વારા પાણીનો બગાડ ન થાય તેવાં ઉપકરણો લગાવવા.
(૯) ચાલુ પાણીના નળમાં ડાયરેકટ મોટરથી પાણી ખેંચવુ તે ગુનો છે. જો કોઇ અનાધિકૃત પાણીનો મોટર દ્વારા ઉપાડ કરતા જણાશે તો મોટર જપ્ત કરી રૂ.૧૦૦૦/- તથા પાણી વેડફવા બદલ રૂ.૫૦૦/- નો દંડ વસુલ કરવામાં આવશે. જેની ગંભીર નોંધ લેવી.
(૧૦) વરસાદી પાણી સંગ્રહ માટેનાં ટાંકા તેમજ ગ્રાઉન્ડ વોટર રીચાર્જ માટે કામગીરી કરી જળ સંરક્ષણ કરવું.

ઉપરોકત તમામ સુચનાઓનો અમલ કરી પાણીનો કરકસરયુકત ઉપયોગ કરવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.૨૦૮ /૨૦૨૩-૨૪ મ્યુનિસિપલ કમિશનર

INTEGRA SWITCHGEAR LTD.

Regd.Office: 102, Gharonda Appt., Opp. Angan Tower, Indira Gandhi Marg, Vadodara, Gujarat, India-390004
Tel: 9824255488 E-mail: integra.pankajvora@gmail.com Website:-www.integraindia.com CIN:L29130GJ1992PLC18684

	PARTICULAR	QUARTER ENDED 31-03-2023 (Audited)	QUARTER ENDED 31-03-2022 (Audited)	QUARTER ENDED 31-12-2022 (Unaudited)	CURRENT YEAR ENDED 31-03-2023 (Audited)	PREVIOUS YEAR ENDED 31-03-2022 (Audited)
	Income From Operation					
I	(a) Net Sales/Incomefrom Operations	-	-	-	-	-
II	(b) Other Income	0.54	-	0.23	0.77	0.00
III	Total Income I+II	**0.54**	-	**0.23**	**0.77**	**0.00**
IV	**Expenditure**	-	-	-	-	-
	Cost Of Material consumed			-		
	Employee Benefits Expenses	0.22	0.08	-	0.22	0.08
	Finance Costs	0.01	0.06	-	0.01	0.06
	Depreciation	-	-		-	-
	Other expense	12.01	6.95	75.47	87.48	11.90
	Total Expenses (IV)	**12.24**	**7.09**	**75.47**	**87.71**	**12.04**
V	Profit/(Loss)from ordinary activities after Finance costs but	(11.70)	(7.09)	(75.24)	(86.94)	(12.04)
VI	Exceptional items	(12.91)		262.23	249.32	-
VII	Profit(+)/Loss(-)before tax(V-VI)	(24.61)	(7.09)	186.99	162.38	(12.04)
VIII	Taxexpense				-	-
	(1)Currenttax				17.39	-
	(2)Deferredtax				-	-
IX	Profit(+) / Loss (-) for the period from continuing operations	(24.61)	(7.09)	186.99	144.99	(12.04)
X	Profit(+) /Loss(-) from discontinued operations				-	-
XI	Tax expense of discontinued operations				-	-
XII	Profit(+)/ Loss(-) from discontinued operations (aftertax) (X-)					
XIII	Profit(+)/ Loss(-) for the period (IX+XII)	(24.61)	(7.09)	186.99	144.99	(12.04)
XIV	Other comprehensive Income					
XV	Total Comprehensive Income					
XV	Paidup equity share capital (facevalueRs.10pershare) EQUITY Shares Nos.28.16 Lacs	288.16	288.16	288.16	288.16	288.16
XVI	Earning per share (for continuing operation): a. Basic- Rs. b. Diluted-Rs.	(0.85)	(0.25)	6.49	5.03	(0.42)
XVII	Earning per share (for discontinued operation): a. Basic-Rs. b. Diluted-Rs.	(0.85)	(0.25)	6.49	5.03	(0.42)
XVIII	Earning pershare (for discontinued & continiuing operations) a. Basic-Rs. b. Diluted-Rs.	(0.85)	(0.25)	6.49	5.03	(0.42)

1. The above result as reviewed by the Auditcommittee, has been approved at the meeting of the Board of Directors of the Company heldon 18-05-2023
2. The figures for the quarter ended 31-03-2022 and 31-03-023 is balancing figures between the audited figures in respect of the full year financial year and the published year to date figures up to 31-12-2021and 31-12-2022 subjected to limited review by the auditor of the respective financial year.
3. Exceptional item includes Gain/ loss on sale of land at Por, building and other fixed asset during the year
4. Previous period figures have been regrouped wherever considered necessary to conform to the current period regroup.
5. The statement has been preparedin accordance with the Companies (Indian Accounting Standards) Rules 2015 (IndAS) prescribed under section 133 of the Companies Act 2013 and other recognised accounting policies to the extent applicable.
6. Provisions for Taxes, Deferred tax implications, employee benefits, restatement, if any, are made at the end of the financial year.

Place : Vadodara
Date : 18.05.2023

For Integra Switchgear Limited Sd/-
PankajVora
Wholetime Director & CFO DIN:00259241

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ટેન્ડર નોટીસ

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામ